રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેર ખબર મેનેજર

પિક્ચર 3 BHK ફ્લેટ, મો. ૭૦૬૯૬ ૩૯૮૭૮ (બી) (૧૬૫૨)


# ફૂલછાબ

## ટચૂકડી જાહેરખબર રવિવારે પ્રસિધ્ધ કરાવો ગુરૂવારે ફ્રી મેળવો

એક લાઇનના માત્ર રૂા. ૧૫

મીનીમમ ૩ લાઇન એક લાઇનમાં ૧૨ અક્ષરનો સમાવેશ થાય છે

**આ જાહેરખબર માત્ર રોકડેથી લેવામાં આવશે**

અમારા માનવંતા વિજ્ઞાપનદાતાઓની અનુકુળતા માટે નીચે દર્શાવેલ એજન્સીઓમાં પણ જાહેરખબર સ્વીકારવામાં આવશે.

**શશી પબ્લીસીટી**

**પ્રકાશભાઇ ગાંગડીયા,** મો. ૯૮૨૫૫ ૫૫૮૪૫, ફોન: ૮૮૪૯૩ ૮૦૩૪૮, ૯૮૨૪૪ ૫૩૮૪૬

**નયન પબ્લીસીટી**

**મહેશભાઇ લખતરીયા,** સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ મોબાઇલ: ૯૮૨૪૫ ૩૧૪૧૭

-: વધુ વિગત માટે સંપર્ક કરો :-

જાહેરખબર મેનેજર, ફૂલછાબ કાર્યાલય, સદર, રાજકોટ ફોન : ૨૪૪૪૬૧૧ - ૧૨


CHANGED MY NAME FROM **HETALBEN RAJESHBHAI DAVRA** TO **HETALBAHEN RAJESHKUMAR DAVRA** AND NOW ON WARDS I WOULD BE KNOWN AS **HETALBAHEN RAJESHKUMAR DAVRA.**

SIGNED, HETALBAHEN RAJESHKUMAR DAVRA
ADDRESS: C-101, PALASH PEARL, NR.PARTH RESIDENCY, OPP. SADBHAV RESIDENCY, NIKOL, AHMEDABAD, GUJARAT 382350

## CHANGE OF NAME

I THE UNDERSIGNED **RAJESHKUMAR MADHUBHAI DAVRA** DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM **RAJESHBHAI MADHUBHAI DAVRA** TO **RAJESHKUMAR MADHUBHAI DAVRA** AND NOW ON WARDS I WOULD BE KNOWN AS **RAJESHKUMAR MADHUBHAI DAVRA.**

SIGNED: RAJESHKUMAR MADHUBHAI DAVRA
ADDRESS: C-101, PALASH PEARL, NR.PARTH RESIDENCY, OPP. SADBHAV RESIDENCY, NIKOL, AHMEDABAD, GUJARAT 382350

## CHANGE OF NAME

I THE UNDERSIGNED **PRAVINABEN AMARSINH RATHOD** HEREBY DECLARES THAT I HAVE CHANGED MY NAME FROM **PRAVINA AMARSHI RATHOD** TO **PRAVINABEN AMARSINH RATHOD**

PRAVINABEN AMARSINH RATHOD
Dt. 26/06/2025

ચીફ ઓફીસર, બાબરા નગરપાલિકા — પ્રમુખ, બાબરા નગરપાલિકા

જિમાક/અમર/૧૩૦/૨૫

આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

**નાળીયેરી/ચીકુનાં ફાલના ઈજારાની જાહેરાત**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કેમ્પસ હસ્તકના વિવિધ ફાર્મ પરના નાળીયેરી/ચીકુનાં ફળો ઉતારી લઈ જવાના ઈજારા માટેના ભાવો જે તે પાર્ટી પાસેથી સિલ બંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગત નીચે મુજબ છે. તથા વધુ વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે.

૧) કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિધ્ધ થયા પછી ઓફિસ સમય દરમ્યાન આપવામાં આવશે.
૨) ભરેલ સિલ બંધ ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિધ્ધ થયા પછી ૧૫ દિવસમાં પોસ્ટ/કુરિયર ધ્વારા ઉપર દર્શાવેલ કચેરીએ પહોંચાડવાના રહેશે.
૩) જે તે બાગાયની ઝાડો જે તે ફાર્મ પર જોઈ શકાશે.
૪) કોરા ટેન્ડર ફોર્મ રૂ.૫૦૦ રોકડેથી ભરી મેળવી શકાશે. જે પરત મળવાપાત્ર રહેશે નહિ. વધુ વિગતો માટે www.jau.in માં જોવું.

માહિતી/જુના/જા.ખ./૨૦૦/૨૫ — કન્વીનરશ્રી

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થામાં નોંધાયેલ અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦૦/૨૫-૨૬ | મિકેનીકલ શાખા | ૦૧ | ૨,૩૪,૪૮,૩૩૧/- |
| ૨ | ૩૦૪/૨૫-૨૬ | પાણી પુરવઠા શાખા | ૦૧ | ૧,૪૦,૦૦,૦૦૦/- |
| ૩ | ૩૦૫/૨૫-૨૬ | પશ્ચિમ ઝોન | ૦૪ | ૧,૦૮,૩૩,૪૧૨/- |
| ૪ | ૩૦૮/૨૫-૨૬ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦૧ | ૫૦,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઈટ પરથી મળી રહેશે. કોઈપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૩૧૨/૨૦૨૫-૨૬ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

I THE UNDERSIGNED **HARSHA KISHAN SIDPARA** HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME AFTER MARRIAGE FROM **HARSHABEN BHARAT GADHESARIYA** TO **HARSHA KISHAN SIDPARA** NOW ONWARDS I WOULD BE KNOWN AS **HARSHA KISHAN SIDPARA.**

**HARSHA KISHAN SIDPARA**
Add. Synji Nivas, Balas Nagar, Joshipara, Ambavadi-1, Junagadh - 362001.

રાજકોટ-૩૬૦૦૦૪, ગુજરાત ભારત ખાતે ઉપલબ્ધ છે.

૪. આથી નોટિસ આપવામા આવે છે કે કોઇપણ વ્યક્તિને આ અરજી સામે વાંધો હોય એ પોતાના વાંધાનુ સંચાર લેખિતમા કેંદ્રિય નોંધણી કેન્દ્ર ભારતીય કોર્પોરેટ બાબત સંસ્થા (આઈઆઈસીએ), પ્લોટ નં. ૬,૭,૮, સેક્ટર ૫, આઈએમટી, માનેસર, જીલ્લો ગુરગાંવ (હરિયાણા), પીનકોડ: ૧૨૨૦૫૦ ખાતે આ નોટિસ છપાયા ના ૨૧ દિવસ ની અંદર કરી શકશે અને એક નકલ કંપની ની રજિસ્ટર્ડ ઓફિસ પર આપવાની રહેશે.

તારીખ: જૂન ૨૬, ૨૦૨૫

અરજકર્તા
૧) દિપક પી. કાકડિયા_ભાગીદાર
૨) ઉમંગી એન. પટેલ_ભાગીદાર

PGVCL

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪
ફોન નં: (૦૨૮૧)-૨૩૭૦૫૬૧, ૨૩૭૦૫૬૨, ૨૩૭૦૫૬૫
ફેક્સ: ૨૩૭૦૫૬૬, ઈ-મેઈલ: serjr.pgvcl@gebmail.com

**: વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો:**

1. દરેક બાંધકામનું ઇલેક્ટ્રિકલ નેટવર્કથી CEA regulation મુજબ ન્યુનતમ ૧.૨ મીટરનું સલામત અંતર જાળવવું જરૂરી છે અન્યથા વીજ અકસ્માત થઇ શકે છે.
2. ભારે/મોટા વાહનો જેવા કે બસ, ટ્રક, હાઇડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈવાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે/નજીક ઉભા રાખવા નહિ કે જેથી વીજ નેટવર્કથી સલામત અંતર જળવાય રહે.
3. ભીના હાથે સ્વીચો / પ્લગોને અડકવું નહિ. વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર, લાઇન વિગેરેને અડકવું નહિ અને તેનાથી દૂર રહેવું. વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોરને બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહિ.
4. ઇલેક્ટ્રિક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB / ELCB તેમજ ઓવરલોડ / શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB / ફ્યુઝ વાપરવા જરૂરી છે.
5. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજજોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો, તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી / મનુષ્યને વીજઅકસ્માત થઇ શકે છે.

વીજ-વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો.

*'જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો – સલામતી અપનાવો જિંદગી બચાવો.'*

અધિક્ષક ઇજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ.

## <u>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્થાનિક વિભાગ/કેન્દ્રમાં આવેલ નાળીયેરી,ચીકુના ઝાડ પરથી ફાલ ઉતારી લઈ જવાની હરાજીના ટેન્ડરની વિગત</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડરની વિગત | : | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સ્થાનિક વિભાગ/કેન્દ્રો પર આવેલ નાળીયેર/ચીકુ તેમજ અન્ય પાકના વાર્ષિક ફાલ ઉતારી લઈ જવાના ઈજારા માટે ટેન્ડર મંગાવવા અંગે.. |
| ૨. | કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ<br>સમય | :<br>: | **૨૬/૦૬/૨૦૨૫ થી ૧૦/૦૭/૨૦૨૫**<br>**૯ થી ૧૨ તથા ૩ થી ૬ ઓફિસ સમય દરમ્યાન** |
| ૩. | સીલ ટેન્ડર ફોર્મ રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયર થી સ્વીકારવાની છેલ્લી તારીખ, સમય | | **સ્વીકારવાની છેલ્લી તા.૧૦/૦૭/૨૦૨૫**<br>**સમય : ૧૭.૦૦ કલાક સુધી** |
| ૪. | ટેન્ડર મોકલવાનું સરનામું | | આચાર્ય અને ડીન,<br>બાગાયત મહાવિદ્યાલય,<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧ |
| ૫. | ટેન્ડર ખોલવાની તારીખ, સમય<br>સ્થળ | :<br>: | **તા.૧૪/૦૭/૨૦૨૫ સમય: ૧૦:૦૦ કલાકે**<br>**સેમિનાર હોલ,**<br>**બાગાયત મહાવિદ્યાલય**<br>**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧** |
| ૬. | ટેન્ડર ફી | : | રૂ. ૫૦૦/– રોકડેથી ભરી નામ લખાવી ટેન્ડર મેળવવાનું રહેશે. જે નામથી ટેન્ડર લઈ ગયેલ હોય તે જ પાર્ટીના નામનો ટેન્ડર ભરવાનો રહેશે. ટેન્ડર ફી પરત મળવા પાત્ર નથી. |
| ૭. | ઈજારામાં ભાગ લેવા માટે ભરવાની રકમ | : | • ટેન્ડર ભરનાર પાર્ટીએ ટેન્ડર ખોલવાની તારીખે ઈજારામાં ભાગ લેવા માટે ભરવાની રકમ રૂા. ૧૦,૦૦૦/– અર્નેસ્ટમની પેટે ભરવાના રહેશે.<br>• અર્નેસ્ટમની ભરનાર પાર્ટીના જ ટેન્ડર ખોલવામાં આવશે.<br>• ઈજારદારે ઈજારામાં ભાગ લેવા ભરેલ રકમ તે જ દિવસે સ્થળ પર વગર વ્યાજે પરત કરવામાં આવશે.<br>• ઈજારાની શરતો માન્ય છે તે બદલ સંમતિ પત્રમાં સહી કરવાની રહેશે. અધુરી વિગતોવાળું ટેન્ડર ફોર્મ અમાન્ય રહેશે. |

કન્વીનર
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂકૃયુ, જૂનાગઢ

PRINCIPAL & DEAN COLLEGE OF HOR... * JAU-JUNAGADH *

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્થાનિક વિભાગ/કેન્દ્રમાં આવેલ

## –:: નાળીયેરી/ચીકુના ઈજારાની જાહેરાતની શરતો ::–

| ક્રમ | શરતો |
|---|---|
| ૧. | ઈજારાદારે છાપામાં જાહેરાત આવ્યા બાદ કોરા ટેન્ડર ફોર્મ **રૂા.૫૦૦/–** ભરી કચરીમાંથી મેળવી લેવાના રહેશે. ટેન્ડર ફી રૂા.૫૦૦/– ની રકમ પરત મળવા પાત્ર નથી. |
| ૨. | બાગાયતી પાકો માટેનું કેમ્પસ હસ્તકના લાગુ પડતા ફાર્મનું એક જ ટેન્ડર ફોર્મ ઈજારદારે ભરવાનું રહેશે. જે ફાર્મનો ઈજારો રાખવાનો થતો હોય તેની સામેના ખાનામાં પાક મુજબ અલગ–અલગ ખાના મુજબ ભાવ ભરવાના રહેશે. |
| ૩. | ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પેક કરી કવર પર **નાળિયેરી/ચીકુનાં ઈજારાના ભાવ** એમ સ્પષ્ટ લખવું તથા મોકલનારનું સરનામું ફરજિયાત લખવાનું રહેશે. અન્યથા ભાવ ખુલ્લી જશે તો ટેન્ડર રદ થઈ જશે આ અંગે કોઈ વાંધા માન્ય રાખવામાં આવશે નહી. |
| ૪. | ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ ઝાડ મુજબ સામેના ખાનામાં ભાવ ભરવાના રહેશે. સંયુકત ભરેલ ભાવ અમાન્ય ગણાશે તથા કોઈ પણ માંગેલી અધુરી વિગતવાળા ટેન્ડર ફોર્મ રદ ગણાશે. |
| ૫. | ટેન્ડરમાં દર્શાવેલ બાગાયતી પાકો જે તે ફાર્મ/કેન્દ્ર પર રૂબરૂ જઈ તપાસીને જ ભાવ ભરવાના રહેશે. **પાક મુજબ અલગ અલગ ખાનામાં આંકડામાં અને શબ્દોમાં સ્પષ્ટ રકમ લખવાની રહેશે** પાછળથી કોઈ તકરાર કે વાંધો માન્ય રહેશે નહી. |
| ૬. | સંપૂર્ણ ભરેલ ટેન્ડર ફોર્મ રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરિયર દ્વારા અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે. રૂબરૂ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાંજ આપવાનું રહેશે. અન્યથા ગણતરીમાં લેવામાં આવશે નહી. |
| ૭ | કચેરીમાં સીલબંધ ટેન્ડર ફોર્મ સ્વીકારવાની **છેલ્લી તારીખઃ ૧૦ /૦૭/૨૦૨૫** છે. |
| ૮ | યુનિવર્સિટીના અધિકારી/કર્મચારી કે,બલેક લીસ્ટ ઈજારદાર યુનીવર્સિટીના કોઈપણ ઈજારામાં ભાગ લઈ શકશે નહી. |
| ૯ | સીલબંધ ટેન્ડરો કમીટી રૂબરૂ ખોલવાની **તા. ૧૭/૦૭/૨૦૨૫ ના સવારે ૧૦.૦૦ કલાકે** રહેશે. ટેન્ડર ભરેલ સીવાયના કોઈપણ ઈજારદાર આ સમયે હાજર રહી શકશે નહી. |
| ૧૦ | ઈજારાદારે ટેન્ડર ફોર્મ સાથે ફોટો અને ઓળખકાર્ડ તથા રહેઠાણના આધારની નકલ જોડવાની રહેશે, નકલ નહી જોડેલ હોય તો ઈજારાદારે ભરેલ ટેન્ડર રદ કરવામાં આવશે. તેમજ ઈજારાદારે જોડેલ આઈડેન્ટી પ્રુફની અસલ કોપી બતાવીને જ પ્રવેશ કરવો. ભાવ ખોલે ત્યારે કમિટી સમક્ષ રજુ કરવાની રહેશે. |
| ૧૧ | ટેન્ડર ભરનાર દરેક ઈજારદારે રૂા.૧૦,૦૦૦/– ની રકમ અર્નેસ્ટમની પેટે ઈજારામાં ભાગ લેવા માટે જમા કરવાની રહેશે. તે રકમ ઈજારાની પ્રકિયા પૂર્ણ થયે વગર વ્યાજે તરત જ પરત કરવામાં આવશે. |
| ૧૨ | જેનો ઈજારો મંજુર થયો છે તે ઈજારદારે ઈજારાની રકમનાં **૧૦% ડીપોઝીટ પેટે જે તે કેન્દ્ર/ફાર્મ પર તે જ દિવસે અથવા દિવસ–૫માં બેંક પાસ બુકની ઝેરોક્ષ(સ્પષ્ટ વંચાય તેવી) અથવા કેન્સલ ચેક અને પાન કાર્ડની ઝેરોક્ષ(સ્પષ્ટ વંચાય તેવી) સાથે જમા કરવાની રહેશે.** |
| ૧૩ | ઈજારાની રકમ રૂા.૬૦,૦૦૦/– હશે તો એક જ હપ્તે દિવસ–૨૦ માં જે તે ફાર્મ/કેન્દ્ર પર જમા કરવાના રહેશે ત્યારબાદ જ માલ ઉતારવા દેવામાં આવશે. રૂા.૬૦,૦૦૦/– કરતા વધુ રકમ હશે તો ૫૦% રકમ દિવસ–૨૦ માં અને ૫૦% નો **બીજો હપ્તો ભરવાની છેલ્લી તારીખ ૩૧/૧૦/૨૦૨૫** રહેશે ત્યાર બાદ જ માલ ઉતારવા દેવામાં આવશે. જેની દરેક ફાર્મ/કેન્દ્રએ અમલવારી કરવા નોંધ લેવી. આપેલ મુદતમાં રકમ સમયસર ન ભરતા વિલંબીત ચાર્જ ૧૮% લેખે વસુલ કરવામાં આવશે. ઈજારાની કુલ રકમ ભરવા માટે વધુમાં વધુ એક માસની મુદત (વિલંબ સાથે) છત્તાં રકમ ન ભરતાં ઉપલી કચેરીને જાણ કરી, ઘટતાં પગલાં લેવામાં આવશે. |
| ૧૪ | ઈજારો રાખનાર ઈજારદારે ઈજારાની રકમ ૬૦,૦૦૦/–થી વધારે હોય તો **પોતાના નામનો રૂા.૧૦૦ નો નોન જયુડીશયલ સ્ટેમ્પ** પર આપેલ નમૂના મુજબ એગ્રીમેન્ટમાં આપેલ વિગત ભરી ઈજારદારની તથા સાક્ષીની સહી સાથે જે તે ફાર્મ/કેન્દ્ર પર પ્રથમ હપ્તો ભરવા ત્યારે રજુ કરવાનો રહેશે, **તે મેળવી ત્યારબાદ જ માલ ઉતારવા દેવો. જેની દરેક ફાર્મ/કેન્દ્રએ નોંધ લેવી.** |
| ૧૫ | એગ્રીમેન્ટમાં ઈજારદારને આકસ્મિક/કુદરતી કોઈ અશુભ ઘટના બને તો બાકી રહેલ ઈજારાની રકમ ભરવા સીધી લીટીના વંશવારસદાર જવાબદાર રહેશે તેનું સાક્ષીની સહી સાથે લખાણ એગ્રીમેન્ટ કરી, જે–તે ફાર્મ/ કેન્દ્રને સહી સાથે આપવાનું રહેશે. |
| ૧૬ | અખતરાના હેતુ માટે જે ઝાડમાંથી ફળો પસંદ કરવામાં આવે તે ઝાડ દિઠ ૧ કિલો અખતરા માટે આપવાના રહેશે વધુ જરૂરીયાત હોય તો બજાર ભાવ મુજબ આપવાના રહેશે. |
| ૧૭ | બાગમાં જરૂરીયાત મુજબ જંતુનાશક દવાઓ/ ખાતરો યુનિવર્સિટીના સંશોધન ભલામણ મુજબ ઈજારદારે જે તે વિભાગ/કેન્દ્ર પરથી મેળવી જાતે આપવાનું રહેશે. |
| ૧૮ | ટેન્ડર ખોલનાર કમીટી જરૂર જણાશે તો જે તે પાર્ટી સાથે નેગોસીશેન કરી શકશે. |
| ૧૯ | ઈજારાની મુદત પુરી થયેથી ડીપોઝીટ ની રકમ જે તે કેન્દ્ર/વિભાગ પરથી યુનિવર્સિટીના માલ મિલકતને કોઈ નુકશાન કરવામાં આવેલ નથી તેવું પ્રમાણપત્ર મેળવી જે તે કેન્દ્ર/વિભાગ પરથી ડીપોઝીટ વગર વ્યાજે પરત મેળવવાની રહેશે. |
| ૨૦ | માલ લઈ જવાનો સમય રવિવારના તેમજ જાહેરના રજાના દિવસો સિવાય સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦૦ થી સાંજના ૫.૦૦ સુધીનો રહેશે. નાળીયેરીના તાલા ઉતારતી વખતે તાલા–કચરો સાફ કરી જવાનું રહેશે. |

| | |
|---|---|
| ૨૧ | નાળીયેરી તથા અન્ય પાકોના ફાલ/તાલા ઉતારતી વખતે તેના લીધે પ્લોટ તેમજ રોડ સાઈડ પર થતો કચરો જેમકે તાલા, કંગડા, ત્રોફાની ડાંડલીઓ, તુટેલી ડાળીઓ, વગેરે–કચરો ઈજારાદારે સાફ કરી જવાનું રહેશે. |
| ૨૨ | ઈજારો રાખનાર પાર્ટીએ માલ લેવા આવનાર **વધુમાં વધુ ૫(પાંચ) ઈસમોના** નામ અને સરનામા (પુરાવા સાથે) કેન્દ્ર/ફાર્મમાં રજુ કરવાના રહેશે, તથા તે સિવાયના કોઈ પણ વ્યકિતને ફાર્મ પર આવવાની પરવાનગી આપવામાં આવશે નહિ. |
| ૨૩ | ફાર્મની બાકીની કોઈ પણ ચીજ–વસ્તુઓ કે પાકોને ઈજારદાર કે માણસો દવારા નુકશાન થશે તો યુનિવર્સિટીના પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ વસુલાત કરવામાં આવશે અને કસુર ઠરશે તો ડીપોઝીટ જપ્ત થશે. |
| ૨૪ | ઈજારાદારની મુદત **<u>તા.૩૧/૦૫/૨૦૨૫</u>** સુધીની જ રહેશે અને આ મુદત બાદ ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહિ. |
| ૨૫ | માંગણીદાર પાસે યુનિવર્સિટીનું કોઈ પણ લેણું કે બ્લેક લીસ્ટમાં હશે તો માંગણી કરવા દેવામાં આવશે નહિ તેમાં કોઈપણ વાંધો માન્ય રાખવામાં આવશે નહી અને આખરી નિર્ણય કમિટીનો રહેશે. |
| ૨૬ | ઈજારાની મુદત દરમ્યાન ઈજારદારને કુદરતી આફત કે અન્ય કોઈ પ્રકારે કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની જવાબદારી અત્રેની કચેરી/યુનિવર્સિટીની રહેશે નહિ. |
| ૨૭ | બાગમાં જરૂરીયાત મુજબ પાણી આપવાની જવાબદારી ઈજારાદારની રહેશે. પાણી ફાર્મ પર ધોરીયા/ ડ્રીપ/ સ્પીંકલર પધ્ધતિ મુજબ જે વ્યવસ્થા હશે તે મુજબ આપવામાં આવશે. |
| ૨૮ | ઈજારાદારના ભાવો માન્ય રાખવા કે નહિ તેની અબાધીત સતા કમિટીની રહેશે. તેમજ વિવાદી પ્રશ્નોમાં આખરી નિર્ણયની અબાધીત સત્તા કમિટીની જુકૃયુ, જૂનાગઢ રહેશે અને કાયદા કાનુની વિસ્તાર જૂનાગઢ જયુરીડીકશન રહેશે. |
| ૨૯ | ઈજારાદાર સદર ઈજારો પેટે કોન્ટ્રાકટમાં અન્યને આપશે તો તેમનો ઈજારો રદ કરી તેઓની ઉપલી કચેરીને જાણ કરીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. યુનિવર્સિટીની કોઈ પ્રકારની હરરાજીમાં આવા બ્લેક લીસ્ટવાળા ઈજારદારને ભાગ લેવા દેવામાં આવશે નહિ. |
| ૩૦ | પાણીની અછતની પરિસ્થિતમાં ફાર્મના ઉપલબ્ધ જથ્થામાંથી અખતરાના ઝાડને અગ્રીમતાના ધોરણે પિયત આપવામાં આવશે અને ત્યારબાદ પાણીનો વધારો રહેશે તે પ્રમાણે ઈજારાના ઝાડને પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. આવા સંજોગોમાં ઈજારાદારે બાગાયતી પાકોમાં પિયત પોતાની રીતે આપવાની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૩૧ | ઈજારદારનો સંપર્ક સાધવા માટે મોબાઈલ નંબર કે સરનામું બદલેલ હોય તો કચેરીમાં જાણ કરવી અન્યથા જરૂર પડયે ઈજારદારનો સંપર્ક નહી થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. જરૂરી પગલા નિતિ નિયમ મુજબ લેવામાં આવશે જે ઈજારદારે માન્ય રાખવાના રહેશે. |
| ૩૨ | ઈજારદાર/પાર્ટીએ રાખેલ ઈજારામાંથી ઉતારેલ માલ/ઉપજને ફાર્મ/કેન્દ્રના પરીસરની બહાર વેચાણ કરવાની વ્યવસ્થા ઈજારદારે પોતે કરવાની રહેશે. |
| ૩૩ | ઈજારદારે તેમનું પત્રવ્યવહારનું પુરેપુરું સરનામું ઓફીસમાં આપેલ હશે તે જ સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. |
| ૩૪ | સરકારી કે નગરપાલીકાના દવારા લાગુ પડતા કોઈપણ પ્રકારના ટેક્ષ/ચાર્જીસ ભરવાના થાય તે જે તે ઈજારદારે જ ભરવાના રહેશે. |
| ૩૫ | ઈજારો પુરો થયે ઈજારદારની ડીપોઝીટ પરત મેળવવા માટે યુની. પાસે ગ્રાન્ટની જોગવાઈ મુજબ સમય મર્યાદાને ધ્યાને ન લેતા ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૩૬ | શરતોના અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો કમીટી જે નિર્ણય કરે તે માન્ય રાખવાનો રહેશે. |

PRINCIPAL & DEAN COLLEGE OF HORTICULTURE * JAU-JUNAGADH *

જૂનાગઢ
તા.   /   /૨૦૨૫

કન્વીનર
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂ.કૃ.યુ., જૂનાગઢ

**–:: <u>સંમતિપત્ર</u> ::–**

આથી બાંહેધરી આપવામાં આવે છે કે, ઉપરોકત ક્રમ નં. ૧ થી ૩૪ ની શરતો અને બોલીઓ તેમજ ટેન્ડરને લગતી સમગ્ર વિગતો મેં/અમોએ બરાબર વાંચી અને શુધ્ધબુધ્ધિથી સમજી છે અને અમોએ ઉપરોકત બોલીઓ અને શરતો મને તથા મારા વારસદારોને માન્ય છે તથા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ અમારી વિગતો સાચી છે અને જો કોઈ વિગતો ખોટી ઠરે તો યુનિવર્સિટી જે પગલાં લે તે અમોને માન્ય છે. તેની ખાતરી આપી સહી કરેલ છે.

સ્થળ :                                ઈજારાદારની સહી : ____________________

તારીખ :   /૦૭/૨૦૨૫                  ઈજારદારનું નામ : (                    )